ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



આસ્થા રોનકકુમાર શર્મા
મો. ૯૮૨૪૯ ૧૯૧૯૭



હેત રાઠોડ
મો. ૯૪૨૭૦ ૨૯૬૩૦



પ્રિયા માનિક
લાયોનેસ ક્લબ



ભાવના શુક્લ
લાયોનેસ ક્લબ



પ્રેમસિંહ રાજપૂત
મો. ૯૭૩૭૭ ૨૩૬૮૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# આર જી પટેલ ગર્લ્સ સ્કૂલ ખાતે સ્વચ્છતા અંગે માહિતી પૂરી પડાઈ

## મહિલા આયોગના ઉપક્રમે વિદ્યાર્થીનિઓને માસિકધર્મ અંગે વિગતો પૂરી પડાઈ

ગાંધીનગર, તા. ૧૪

શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સૅકન્ડરી અને શ્રીમતી ઍસ બી પટેલ ગર્લ્સ હાયર સૅકન્ડરી સ્કૂલના વિમેન્સ ડેવલપમેન્ટ સૅલના ઉપક્રમે મહિલા આયોગ દ્વારા પ્રતિનિધિઓ બોલાવી બાળાઓને સ્વચ્છતા અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી.

મહિલા આયોગ દ્વારા રીંકુબેન, સુભદ્રાબેન, શ્રુતિબેન દ્વારા સૌપ્રથમ વિજ્ઞાન પ્રવાહની ૩૦૦ વિદ્યાર્થીઓને માસિક અંગેની માહિતી તથા તે સમયે રાખવાની દરકાર અંગે વિગતે માહિતી પૂરી પાડવામાં આવી હતી. ત્યારબાદ ધોરણ૧૧, ૧૨ની વિદ્યાર્થિનીઓને આ માહિતી વિગતવાર આપવામાં આવી હતી.

કાર્યક્રમનું આયોજન વિમેન્સ ડેવલપમેન્ટ સૅલનાં કન્વીનર કામિનીબેન મહંત દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર ગીતાબેન પટેલ અને તમામ શિક્ષકોએ સહકાર પૂરો પાડી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય દ્વારા હિન્દી દિવસની ઉજવણી કરાઈ

## વિદ્યાર્થીઓ માટે ચિત્રસ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય દ્વારા આજરોજ હિન્દી દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

આ પ્રસંગે આયોજિત એક સમારોહના અતિથિ તરીકે પરાગ સ ગોગટે, મુકેશ કુમાર, મનીષાબેન ત્રિપાઠી, અખિલેષ ડેહરીયા, અર્જુનસિંહ વાઘેલા અને શોભનાબા વાઘેલા ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ ત્રણ વિજેતાક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. અતિથિઓ અને શિક્ષકોએ હિન્દી ભાષાના મહત્ત્વને ઉજાગર કરતાં વક્તવ્યો આપ્યાં હતાં. શ્રેષ્ઠ વક્તવ્ય આપનારાં શિક્ષક તુલસી એ ચૌહાણ, ડિમ્પલ રાજપૂત તથા નવરતનસિંહને અતિથિના હસ્તે પુસ્તક આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સફળ સંચાલન મોતીસિંહ સુરાવત દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ ટ્રસ્ટી શોભનાબા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સૅન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત દ્વારા પૂરપીડિતો માટે ફાળો એકત્ર કરાયો



ગાંધીનગર સ્થિત સૅન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાતના વૉલંટીયર દ્વારા કેરલ પૂર પીડિતોની મદદ માટે દાનની રકમ એકત્ર કરવાનું માનવતાભર્યું કાર્ય બજાવવામાં આવ્યું હતું. એકત્ર કરેલા ૩૦ હજાર રૂપિયામાંથી જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદવામાં આવી હતી. આ સામગ્રી ભારતીય રેલવે દ્વારા કેરલ મોકલવામાં આવી હતી. સૅન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાતના સ્વયંસેવક નીરવ પટેલે કહ્યું હતું કે કેરલ પૂર પીડિતોની મદદ માટે વિદ્યાર્થીઓ ઉપરાંત ગાંધીનગરમાં રહેતા લોકોએ આર્થિક ફાળો આપ્યો હતો.

# જીઆઈપીએસ ખાતે હિન્દી દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેના ભાગ રૂપે શાળાના ધોરણ ૧ થી લઈને ૪ ધોરણ સુધીના વિદ્યાર્થીઓએ આ કાર્યકર્મમાં ભાગ લીધો હતો. શાળામાં હિન્દી દિવસને અનુસંધાને નાનાનાના ભૂલકાઓ દ્વારા હિન્દી કવિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા હિન્દી દિવસ શા માટે મનાવવામાં આવે છે? અને તેનું શું પ્રભુત્વ છે? તે વિશે વિદ્યાર્થીઓ દ્વારા માહિતી આપવામાં આવી હતી. તથા શાળાની વિદ્યાર્થીઓનીએ હિન્દી કવિતા જે સમય હિન્દીનું પ્રભુત્વ થયું હતું ત્યારથી લઈ ને અત્યાર સુધીની તમામ માહિતી આ કાવ્ય રૂપે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી હતી. તથા પ્રિ.પ્રાયમરીના વિદ્યાર્થીઓ દ્વારા હિન્દી કવિતા સ્પર્ધાનું આયોજન કરેલ હતું જેમાં વિદ્યાર્થીઓને સારા પ્રભુત્વના કારણે પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યું હતું. દિવસ દરમ્યાન શાળાના તમામ વિદ્યાર્થી હિન્દી ભાષાને મહત્વ આપે અને આપણી રાષ્ટ્રીય ભાષા બોલે તે બાબતે વિદ્યાર્થીઓને શાળાના પ્રિન્સીપલ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

# કેએસવી ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા ઈન્ટર્નશીપ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન



ગાંધીનગર, તા. ૧૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ.કોલેજ સેક્ટર-૨૩, ગાંધીનગરની કોલેજના તાલીમાર્થીઓ તા. ૨૩/૦૮/૨૦૧૮થી તા. ૦૮/૦૯/૧૮ દરમ્યાન ઈન્ટર્નશીપ કાર્યક્રમમાં જોડાયા હતા. ઈન્ટર્નશીપ કાર્યક્રમ દરમ્યાન તેમણે વિવિધ શાળાઓમાં અધ્યાપન કાર્ય, નિરીક્ષણ કાર્ય, શાળાના વિવિધ ડોક્યુમેન્ટ વિશેની માહિતી મેળવી હતી તેમજ સહ-અભ્યાસિક પ્રવૃતિઓનું આયોજન પણ કરવામાં હતું. આ ઈન્ટર્નશીપ કાર્યક્રમ દરમ્યાન કોલેજના અધ્યાપકોએ જે શાળાઓમાં વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપમાં જોડાયા હોય તે દરેક શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓની કામગીરી વિશેની માહિતી મેળવી હતી.



સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર ખાતે ''ઈક્વલ ઓપર્ચ્યુનીટી સેલ'' અંતર્ગત આઈ.પી.એસ. અધિકારી વિનોદ કુમાર મલ્લ તથા સુનીલ કુમાર મલ્લનું 'બુદ્ધ સે કબીર તક - યાત્રા : ડીસ્કવરીંગ ટુથ કલ્ચરલ હેરીટેજ'' વિષય પર સામાજિક સમરસતાને અનુલક્ષીને વ્યાખ્યાન યોજાઈ ગયું. કાર્યક્રમના આયોજનમાં આઈ.કયુ.એ.સી. કન્વીનર પ્રા. ડો. નિયતી મીસ્ત્રી અને રૂસાના ચેરમેન રાહુલ ભટ્ટે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડો. અનુપા ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાં વાલીઓ સાથે મીટિંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સૅક્ટર-૧૨ ખાતે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ તથા વાલીઓની એક મીટિંગનું આયોજન શાળાના પ્રાર્થનાખંડમાં કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે મંડળ તરફથી કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ અને સંયોજક કૌશલ્યાબેન ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે વાલીઓને વિદ્યાર્થીના અભ્યાસ તેમજ બૉર્ડની આગામી પરીક્ષામાં વધારે સારું પરિણામ લાવવામાં વાલીઓની શું ભૂમિકા છે તે અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને પણ પરીક્ષામાં સારા દેખાવ અને ઉત્તમ પરિણામ માટે તેમણે પ્રોત્સાહિત કર્યા હતા.

# લો એન્ટ્રન્સ પરીક્ષા વિશેની માહિતી આપશો




નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

**૧. હું ટી.વાય બી.એસ.સી.માં અભ્યાસ કરું છું. મારી કોલેજનો ટાઇમ સવારના ૧૦ થી સાંજના ૫ નો છે તો ગવરમેન્ટ જોબ માટેની પરીક્ષાની તૈયારી માટે સમય મળતો નથી. શું કરવું?**

**- રેણુકા ઝાલા**
**સાહેબજીના મુવાડા, દહેગામ**



રેણુકા, સૌપ્રથમ તો આપને અભિનંદન કે આપ હાલ કોલેજમાં જ છો અને તેની સાથે-સાથે જ સરકારી નોકરી માટે પરીક્ષાની તૈયારી કરવા માંગો છો. આ એક ખૂબ સારી બાબત છે ક આપ અત્યાર થી જાગૃત છો. હવે આપના સવાલની વાત કરીએ તો એ વિશે અમે મુખ્ય બે બાબત જણાવવા માંગીશું. સૌપ્રથમ, આપ આપનો ધ્યેય નક્કી કરો કે આપ કઈ પરીક્ષાની તૈયારી કરવાં માંગો છો. અન્ય એ કે ત્યારબાદ આપએ પરીક્ષા ને અનુરુપ પ્લાનિંગ એટ્લે કે ટાઈમ ટેબલ બનાવો અને તે અનુસાર પ્લાનને અમલમાં મૂકો. આપ હાલ કોલેજના અંતિમ વર્ષમાં છો તો આપ કોઈ સારી પોસ્ટ (હોદ્દો) કે જેના માટે ગ્રેજ્યુએશન જરૂરી હોય છે એ અનુરુપ તૈયારી અત્યારથી જ શરુ કરી શકો છો. પ્લાનીંગ ની વાત કરીએ તો આપે નિયમિત અને ધ્યાનપૂર્વકનું રોજ ઓછામોછા ૨ કલાકનું વાંચન કરવું જરુરી છે. ફાળવેલા સમય દરમ્યાન આપે કયા-કયા વિષયો વાંચવાના છે એ નક્કી કરી, એ દિશામાં મેહનત કરી આપનો ધ્યેય પ્રાપ્ત કરી શકો છો.અને આપના જણવ્યા અનુસાર આપની કોલેજનો ટાઈમ ૧૦ થી ૫ છે તો આપ એ મુજબ પ્લાનીંગમાં વહેલી સવારે ૬ થી ૮ અથવા ૭ થી ૯ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ફાળવી શકો છો અને કોલેજ પછીના કલાકો એટ્લે કે સાંજે અથવા રાત્રે આપ કોલેજના વિષયોનું વાંચન શકો છો. ધારો કે આપ કેંદ્ર દ્વારા લેવામાં આવતી એસ.એસ.સી ની પરીક્ષા પાસ કરવાનું ધ્યેય ધરાવો છો તો આપ એના વિષય જેમ કે અંગ્રેજી, ગણિત, તાર્કિક અથવા સામાન્ય જ્ઞાન માટે રોજના બે કલાક ફાળવી સચોટ અને યોગ્ય દિશામાં તૈયારી કરી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું ધોરણ ૧૨ માં અભ્યાસ કરું છું. કેબિન ક્રુ (એર હોસ્ટેસ) અને હોટલ મેનેજમેન્ટ, આ બન્ને માંથી મારા માટે શું યોગ્ય રહેશે?**

**- સંધ્યા બારોટ, ગાંધીનગર**




સંધ્યા, સૌપ્રથમ આપને જણાવવા માંગીએ છીએ કે આપના સવાલનો જવાબ આપની પર્સનાલીટી અને આપના ગમા–અણગમા પર એટ્લેકે ચોઈસ પર આધાર રાખે છે. તમે કોઈ પણ ક્ષેત્રમાં સફળ થઈ શકો છો જો આપ મેહનત કરશો તો. તેમ છતા અમે આપેલા બન્ને વિકલ્પો વિશે આપને માહિતી આપીશુ કે જે તમને કોઈ એક વિકલ્પ પસંદ કરવા માટે મદદરૂપ થશે. સૌપ્રથમ વાત કરીએ કેબિન ક્રુ એટ્લેકે એર હોસ્ટેસ ની.જેમાં આપ આપની કારદિર્દી બનાવી શકો છો.ઘણી બધી છોકરીઓ એર હોસ્ટેસ બનવાની ઈચ્છા ધરાવે છે.અને આ વિકલ્પમાં આપને પગાર પણ સારો મળી શકે છે.પણ એક અગત્યની બાબતપ પર આપનું ધ્યાન દોરવા માંગીશું કે આ વિકલ્પમાં કામના કલાકો નિયમિત હોતા નથી. જો આપની ફ્લાઈટ ૧૨ થી ૧૪ કલાકની હોય તો આપના કામ ના કલાકો એ પ્રમાણે રહેતા હોય છે. ધોરણ ૧૨ પછી આપ એર હોસ્ટેસ ની ટ્રેઈનિંગ માટે પણ અરજી કરી શકો છો. અન્ય વિકલ્પની વાત કરીએ તો હોટેલ મેનેજમેંટમાં આપના માટે પ્રાઈવેટ અને ગવરમેન્ટ ક્ષેત્રમાં કારદિર્દીની તકો રહેલી છે. હોટેલ મેનેજમેંટમાં અલગ-અલગ વિભાગો આવેલ હોય છે.જેમ કે હાઉસકીપીંગ (એટ્લે કે રખરખાવ), ફૂડ એન્ડ બેવરેજિસ (એટ્લે કે કૂકિંગ), ફ્રંટ ઓફિસ (રેસેપ્સનિસ્ટ) અને સેલ્સ કે જેમાં આપને હોટેલ નું સેલિંગ કરવાનું હોય છે. આપ પોતાના મનપસંદ વિભાગનું ચયન કરી શકો છો.આ વિકલ્પમાં આપના કામના કલાકો નિયમિત રહે છે.

આ વિક્લ્પ માટે આપ ૧૨ પછી એન. સી. એચ. એમ. સી. ટી. - જે. ઈ. ઈ ની પરીક્ષા આપી કોઈ પણ સારી કોલેજમાં એડ્મીશન લઈ શકો છો. આપે એક વાત ધ્યાનમાં રાખવી કે કોઈ પણ વિકલ્પ આપ પસંદ કરો એ આપ સારી જગ્યા (કોલજ)માંથી જ કરવું જેથી સારી તકો મળી રહે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું ૧૨ કોમર્સમાં અભ્યાસ કરું છું. શું આપ લો એન્ટ્રન્સ પરીક્ષા વિશેની માહિતી આપશો?**

**- સિમરન મુકેશભાઇ, ગાંધીનગર**



સિમરન,આપનો સવાલ વાંચીને આનંદ થયો કે આપ આપના ધ્યેય પ્રત્યે સજાગ છો. એન.એલ.યુ એટ્લે નેશનલ લૉ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે આપે સી.એલ.એ.ટી એટ્લે કોમન લૉ એડ્મીશન ટેસ્ટની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. એન.એલ.યુ જેવી પ્રતિષ્ઠત સંસ્થા માં એડ્મીશન આપ જણાવેલ પરીક્ષા દ્વારા લઈ શકો છો.આ સિવાય આપ એન.એલ.યુ દિલ્લી માટે એ.આઈ.એલ.ઈ.ટી.ની પરીક્ષા પણ આપી શકો છો. આ પરીક્ષા માટેની તૈયારી આપ અત્યારથી જ ચાલુ કરી શકો છો. શુભસ્ય શીઘ્રમ! આ પરીક્ષા મા મુખ્યત્વે પાંચ પ્રકારના પ્રશ્નો પૂછાતા હોય છે. ગણિત, અંગ્રેજી, રિજનિંગ, સામાન્ય જ્ઞાન અને લિગલ રિજનિંગ (કાયદાનું જ્ઞાન). આ પાંચ પ્રકાર ના પ્રશ્નો પર નિયમિત વાંચન કરીને આપ સારા ગુણ પ્રાપ્ત કરી, સારી અને પ્રતિષ્ઠત કોલેજ માં એડ્મીશન મેળવી શકો છો.સામાન્ય જ્ઞાનની વાત કરીએ તો એ માટે આપ નિયમિત ન્યૂઝ પેપર વાંચી શકો છો.એમાં પણ આપના માટે અંગ્રેજી ન્યૂઝપેપર વાંચવુ વધુ હિતાવહ છે કારણ કે આ પરીક્ષા અંગ્રેજીમાં થતી હોય છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ: questions.careercorner@gmail.com
WhatsApp no. : 8849221653
Facebook : www.facebook.com/questions.careercorner

# ઈજનેરી કૌશલ્યની સમાજને ભેટ : સર્જન, નવસર્જન, વિકાસ અને સમૃદ્ધિ

૧૫મી સપ્ટેમ્બર. દેશના મહાન ઈજનેર વિશ્વેસ્વરૈયાની જન્મતારીખ. આ દિવસને ઍન્જિનીયર્સ ડે તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ભારત રત્નનું બિરૂદ પ્રાપ્ત કરનાર વિશ્વેસ્વરૈયાના માનમાં ભારત સરકારે ટપાલ ટિકીટો બહાર પાડીને તેમના ઈજનેરી કૌશલ્યનું બહુમાન કર્યું છે, તેમના ઈજનેરી ક્ષેત્રે રાષ્ટ્રને કરેલા પ્રદાનની કદર કરી છે.



એક જમાનો હતો કે જ્યારે નદીઓ પર બાંધેલા બંધના દરવાજા જાતે ખોલવા પડતા હતા અને કાટ લાગી જવાથી કેટલીક વખત આ દરવાજા સમયસર ખોલી પણ શકાતા ન હતા. વિશ્વેસ્વરૈયાએ આવા દરવાજા સ્વયંસંચાલિત કાર્ય કરીશકે તેવી રચના કરી પોતાની યાદગીરી કાયમ કરી. નહેરો કે બંધ પર મૂકવામાં આવતા આવા દરવાજા વિશ્વેસ્વરૈયા ગેટ તરીકે ઓળખાય છે.

ગુજરાતની સિંચાઈ યોજનાઓમાં તેમજ પાણી પૂરવઠા યોજનાઓમાં પણ વિશ્વેસ્વરૈયાનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

સો વર્ષ કરતાં વધુ લાંબું આયુષ્ય ભોગવાન વિશ્વેસ્વરૈયા સાચા અર્થમાં તાંત્રિક ક્ષેત્રનું ગૌરવ બની રહ્યા. વિદેશમાં અને વિદેશની વ્યક્તિઓ માટે સન્માનનીય બની ચૂકેલા આ ઈજનેરે દેશનું નામ રોશન કર્યું છે.

૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ આપણે એક વર્ષ પછી ફરી ઍન્જિનીયર્સ ડેની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે ૨૦૧૭ના આ દિવસથી આજ સુધી ઈજનેરી વર્ષમાં ગુજરાતે પણ ઈજનેરી ક્ષેત્રે કેટલીક મહત્ત્વની સિદ્ધિઓ હાંસલ કરી છે જેની નોંધ લેવી ઘટે.

વર્ષ દરમિયાન સરદાર સરોવર યોજનાના દરવાજાનું કામ પૂર્ણ થયું. નર્મદાની જળ સંગ્રહ શક્તિ અનેકગણી વધી ગઈ, પાણીની તકલીફ ભૂતકાળ બને તેવી સ્થિતિનું સર્જન થયું. રાજ્યના અન્ય બંધોમાં ખૂટતું પાણી પહોંચાડવાની તાકાત વધી. ગામ તળાવો છલકાવી દેવાની શક્યતા વધી. પીવાના પાણી માટે આપણે આત્મનિર્ભર બન્યા. વૃક્ષોને હરિયાળાં બનાવવાની આપણી તાકાતમાં વધારો થયો.

બીજા શબ્દોમાં કહીએ તો નર્મદા યોજના પાછળ કરેલા રોકાણની આપણી ઍફડી પાકી.

વર્ષ દરમિયાન એક બીજી મહત્ત્વની ઘટના બની. રાજ્યના ઈતિહાસમાં પ્રથમ વાર રાજ્યના એક ઈજનેરનું રાષ્ટ્રીય સન્માન થયું. માર્ગ અને મકાન વિભાગના પૂર્વ સચિવ અને નર્મદા નિગમના પ્રવર્તમાન ચૅરમૅન ઍસ ઍસ રાઠોડનું પદ્મશ્રીના ઍવોર્ડથી સન્માન થયું. સ્વભાવે સાલસ અને પ્રજાલક્ષી માનસ ધરાવતી એક વ્યક્તિનું બહુમાન થયું.

નર્મદા ડેમની નજીક આપણા મહાન નેતા સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈ ધરાવતી પ્રતિમાનું નિર્માણ થયું. અનેકવિધ સુવિધા ધરાવતી આ ઈમારત ઈજનેરી કૌશલ્યનો અપ્રતિમ નમૂનો બની રહેશે. ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને વેગ આપશે અને સરદાર સાહેબની સ્મૃતિ દીર્ઘકાળ સુધી ટકાવી રાખશે. આ વૈવિધ્યસભર સ્મૃતિકૃતિના નિર્માણની કામગીરી પણ ઍસ ઍસ રાઠોડની સીધી નિગરાની હેઠળ થઈ રહી છે.

કોઈપણ રાજ્યના વિકાસનો આધાર રાજ્યમાં આકાર લઈ રહેલાં સિંચાઈ, રસ્તા અને મકાનો છે. અને તથી જ આ કામો રાજ્ય સરકારની જવાબદારી ગણાય છે. ગુજરાતે આ ક્ષેત્રમાં હરણફાળ ભરી છે અને તેથી જ આજના દિવસે આ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર ઈજનેરોને યાદ કરવા રહ્યા. નર્મદાને પોલીટીકલ ચુંગાલમાંથી બહાર લાવનાર સી સી પટેલ, નર્મદામાં જીવન સંચાર કરનાર પી એ રાજ, નર્મદા અને ઉકાઈનું ઘડતર કરનાર એમ યુ પુરોહિત, દુર્ગમ વિસ્તારને સજીવન કરી દાંતીવાડા બાંધનાર એક કે કણબી અને ગુજરાતને પોતાનું પાટનગર આપનાર અને એક નવું નગર વસાવનાર ઓપનિંગ જોડી એચ કે મેવાડા અને ઍમ ડી પટેલ વગેરે ગુજરાતનું ગૌરવ છે. યાદી તો ખૂબ લાંબી છે. ગુજરાતના વિકાસમાં પોતાનું જીવન ખપાવી દેનાર અનેક નામી-અનામી ઈજનેરોની આજે યાદ આવે છે.

ગુજરાતનાં શહેરોને આધુનિક ઓપથી મઢી દેનાર અનેક ઈજનેરો છે, કોન્ટ્રાક્ટર્સનો ફાળો પણ નાનોસૂનો નથી જ.

જો કે આજની વિકટ સમસ્યા એ છે કે મહત્તમ ઈજનેરી કૌશલ વિદેશ ચાલ્યું જાય છે અને જે દેશમાં છે, તેનો આપણે મહત્તમ ઉપયોગ નથી કરતા.

સર્જન, નવસર્જન, વિકાસ અને સમૃદ્ધિ ઈજનેરી કૌશલ્યની સમાજને ભેટ છે એ હકીકત સ્વીકારી, ચાલો આજના દિવસે ઍન્જિનીયર્સ ડેની ઉજવણી કરીએ.

**- નટુભાઈ પી ગજ્જર**
**પ્રમુખ, એસીયા**